**ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય**

# એક હજારથી વધુ લોકોની અવરજવર હોય તેવા સ્થળોએ CCTV લગાવાશે

**પ્રથમ તબક્કે ૮ મહાનગરપાલિકા વિસ્તારમાં અધિનિયમ અમલી થશે : ૩૦ દિવસના ફૂટેજ સાચવવા પડશે**

ગાંધીનગર, તા.૩૧

રાજયના નાગરિકોની સલામતી અને સુરક્ષામાં વધારો કરવાનો મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ અધિનિયમ-૨૦૨૨ નો સોમવારે ૧ ઓગસ્ટથી અમલ કરાશે. જેમાં નાગરિકોને સુરક્ષા સલામતીમાં સામેલ કરવા જનભાગીદારીથી સી.સી.ટીવી કેમેરા સિસ્ટમ લગાડવા-પ્રવેશ નિયંત્રણ પગલાં ફરજીયાત કરવાના હેતુથી અધિનિયમનો અમલ કરવા નિર્ણય કરાયો છે. પ્રથમ તબક્કે ૮ મહાનગરપાલિકા વિસ્તારમાં અધિનિયમ અમલી કરાશે. આ નિર્ણય મુજબ, ગુજરાતમાં જાહેર સ્થળો-મોટી સંખ્યામાં લોકોની અવર-જવર વાળા સ્થાનો સાથે હવે એક જ સમયે ૧ હજારથી વધુ લોકો ભેગા થતા હોય કે દિવસ દરમ્યાન ૧ હજાર લોકોની અવર-જવર હોય તેવી સંસ્થાઓએ સી.સી.ટીવી કેમેરા લગાવવાના રહેશે. જાહેર સલામતિ સમિતી દ્વારા ભલામણ કરાયેલા પગલાં ૬ મહિનાની અંદર સંબંધિત સંસ્થાઓએ ગોઠવવાના રહેશે. ૩૦ દિવસના ફૂટેજ સાચવવા પડશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે નાગરિકોની સલામતી અને સુરક્ષામાં વધારો કરવા એક મહત્વનો નિર્ણય કર્યો છે. ઝડપી ઔદ્યોગિકરણ, શહેરીકરણ તથા ધંધાકીય પ્રવૃત્તિઓના વ્યાપ વિસ્તારથી વિકસીત ગુજરાતમાં વાણિજ્યીક અને ઔદ્યોગિક સંસ્થાઓ, ધાર્મિક સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલ, રમત-ગમત સંકુલો તથા રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન અને વધુ પ્રમાણમાં લોકો એકત્રીત થતા હોય તેવા સ્થળોએ નાગરિકોની સુરક્ષા સામેના જોખમો નિવારવા તથા ગુનાની સંભાવનાઓ અટકાવવાના રક્ષાત્મક ઉપાય રૂપે આ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજયમાં મોટી સંખ્યામાં નાગરિકોની સલામતી



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વરિષ્ઠ અગ્રણી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનશા પટેલના સ્વાસ્થ્યના ખબર અંતર પૂછવા નડિયાદમાં તેમના નિવાસસ્થાને ગયા હતા. ભૂપેન્દ્ર પટેલે દિનશા પટેલનું સ્વાસ્થ્ય ઝડપથી સારું થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# લઠ્ઠાકાંડ: અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં એક દર્દીનું મોત

**સારવાર હેઠળ દર્દીનું મોત શુક્રવારે રાત્રે તબિયત લથડી હતી અને બાદમાં મોત થયું : ૭માંથી બે દર્દીઓની હાલત ગંભીર**

અમદાવાદ, તા.૩૧

બોટાદમાં ગયા સોમવારે સર્જાયેલા ઝેરી દારુકાંડમાં જે લોકોને અસર થઈ હતી એવા કેટલાંક દર્દીઓને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યારે ઝેરી દારુકાંડનો ભોગ બનેલા એક દર્દીનું અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થયું છે. એવા રિપોર્ટ સામે આવ્યા છે કે ઝેરી દારુકાંડના આ દર્દીનું કોરોનાથી મોત થયુ છે. આ ૩૨ વર્ષીય દર્દી ગયા મંગળવારથી વેન્ટિલેટર પર હતો. શુક્રવારે મોડી રાત્રે આ દર્દીની તબિયત વધુ લથડી હતી. જે બાદ દર્દીનું મોત નીપજ્યું છે. મહત્વનું છે કે, ઝેરી દારુકાંડના ૫૦ જેટલાં દર્દીઓ સિવિલમાં સારવાર હેઠળ હતા. જેમાંથી ૪૨ દર્દીઓ સાજા થયા હતા અને ૭ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. જેમાંથી બે દર્દીઓ હજુ પણ ગંભીર હોવાના રિપોર્ટ સામે આવ્યા છે.

અગાઉ મંગળવારે એસવીપી હોસ્પિટલમાં સારવાર હેઠળ ઝેરી દારુકાંડના એક દર્દીનું મોત થયુ હતુ. ત્યારે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ એક દર્દીનું મોત થયું છે. એટલે કે ઝેરી દારુકાંડના બે દર્દીઓનાં અમદાવાદમાં મોત નીપજ્યા છે. મહત્વનું છે કે, ઝેરી દારુકાંડ બાદ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ૫૦ જેટલાં દર્દીઓને સારવાર માટે લાવવામાં આવ્યા હતા. સારવાર બાદ ૪૨ જેટલાં દર્દીઓ સાજા થયા હતા. જ્યારે ૭ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. જેમાંથી બે દર્દીઓની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. એવા પણ રિપોર્ટ સામે આવ્યા છે કે, બે દર્દીઓ હજુ પણ વેન્ટિલેટર-એનઆરબી હેઠળ છે અને ગંભીર છે. સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉક્ટર રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, દર્દીઓને પૂરતી સારવાર મળી રહે એટલા માટે હોસ્પિટલના ડૉક્ટરો છેલ્લાં કેટલાંક દિવસોથી ખડેપગે ફરજ બજાવી રહ્યા છે.

દર્દી સાથે તેમના જે સ્વજનો આવ્યા છે, તેઓને પણ ભોજન સહિતની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. હોસ્પિટલના સ્ટાફે દર્દીને બચાવવા માટે પૂરતા પ્રયાસો કર્યા હતા. પણ કમનસીબે તેને બચાવી શક્યા નહીં. એટલું જ નહીં જે પણ દર્દીને હોસ્પિટલમાંથી સારવાર બાદ રજા આપવામાં આવી રહી છે તેઓનું કાઉન્સેલિંગ કરીને દારુ નહીં પીવાની સલાહ પણ આપવામાં આવી રહી છે.

# આ વર્ષે ભાદરવી પૂનમનો મેળો યોજાશે

**દર્શનના સમયમાં વધારા સાથે ચુસ્ત બંદોબસ્ત : ડ્રોન, સીસીટીવી અને બોડી વોર્ન કેમેરાથી પોલીસ રાખશે વોચ : મંદિરના દર્શનના સમયમા વધારો કરવામાં આવશે**

પાલનપુર, તા.૩૧

કોરોનાકાળ દરમિયાન અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો બે વર્ષથી બંધ કરવામાં આવ્યો હતો. ત્યારે હવે અંબાજીના માઈભક્તો માટે એક સારા અને મોટા સમાચાર સામે આવ્યા છે. આ વર્ષે હવે અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે પથી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાની રંગેચંગે ઉજવણી થશે. રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા યાત્રાધામ વિભાગના અગ્રસચિવ અશ્વિનીકુમારના અધ્યક્ષ સ્થાને મેળાના આયોજન અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. મહત્વનું છે કે, ભાદરવી પૂનમના મેળામાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડતા હોય છે. ત્યારે મંદિરના દર્શનના સમયમાં પણ વધારો કરવામાં આવશે. સાથે જ મેળાને લઈને તૈયારીઓ પણ હાથ ધરવામાં આવી છે અને ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવવામાં આવશે. મંદિરના ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેક્ટર આનંદ પટેલે જણાવ્યું કે, કોરોનાકાળ દરમિયાન બે વર્ષથી મેળાનું આયોજન રદ કરવામાં આવ્યું હતું. બે વર્ષ બાદ ભાદરવી પૂનમનો મેળો યોજાવા જઈ રહ્યો છે. સમગ્ર ગુજરાતમાંથી માઈ ભક્તો મંદિરે દર્શન કરવા આવતા હોય છે. સાથે જ પગપાળા દર્શને કરવા માટે આવતા ભક્તોનો પણ ખાસો એવો ધસારો જોવા મળે છે. ત્યારે આ પગપાળા આવતા ભક્તોને જરુરી તમામ સુવિધાઓ સરળતાથી મળી રહે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે જ દર્શન માટે સમયમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

જેથી આ મેળા દરમિયાન વહેલી સવારના પાંચ વાગ્યાથી માઈભક્તો મંદિરના દર્શન કરી શકશે. સાથે જ આ મેળા દરમિયાન વ્યવસ્થા અને કાયદો જળવાઈ રહે એ માટે વિવિધ ૨૮ સમિતિઓની રચના પણ કરવામાં આવી છે. મંદિરે દર્શન કરવા આવતા ભક્તોને પાણી, વીજળી, એસટી બસ, આરામની સુવિધા, આરોગ્ય, સ્વચ્છતા, રસ્તા રિપેરિંગ, ગબ્બર ખાતે દર્શન કરવા જતા ભક્તોને સુવિધા સહિતની વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ વર્ષે મેળામાં નવા આકર્ષણો પણ જોવા મળશે. બીજી તરફ, અંબાજી આવતા સંઘો અને સેવા કેમ્પોની ઓનલાઈન નોંધણી પણ કરવામાં આવી રહી છે. પોલીસ અધિક્ષક અજયરાજ મકવાણાના જણાવ્યા મુજબ, ભાદરવી પૂનમના મેળાના આયોજનને લઈને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. મેળા દરમિયાન અંબાજી માતાના દર્શન કરવા આવતા ભક્તોની સુરક્ષા માટે સીસીટીવી, બોડી વોર્ન કેમરા અને ડ્રોનથી વોચ રાખવામાં આવશે. સાથે જ અંબાજી મંદિરના રુટ પર ડૉગ સ્ક્વોડ દ્વારા સઘન પેટ્રોલિંગ હાથ ધરાશે. પોલીસ દ્વારા પથિક સોફ્ટવેરની મદદથી મંદિરે દર્શન કરવા આવતા યાત્રાળુઓની માહિતી રાખવામાં આવશે. મેળો શરુ થાય એ પહેલેથી જ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

# ૭૫માં અમૃત્સવ કાર્યક્રમની ઉમિયાધામમાં ઉજવણી કરાઈ

**૭૫ હજાર પરિવારોમાં તિરંગાનું વિતરણ**

અમદાવાદ, તા.૩૧

દેશ આઝાદીનો ૭૫ માં અમૃત્સવ કાર્યક્રમની આજે ઉમિયાધામમાં ઉજવણી કરાઈ. રાષ્ટ્રભાવના અને પર્યાવરણને જોડી ૭૫ હાજર પરિવારોમાં તિરંગાનું વિતરણ કરાયુ હતું. તો સાથે જ ૭૫ હજાર રોપાઓને રોપવામાં આવ્યા હતા. આ વર્ષે ૭૫ હજાર અને આવતા વર્ષે પણ ૭૫ હજાર એમ બે વર્ષમાં ૧.૫ લાખ વૃક્ષો રોપવાનો ઉમિયાધામનો ટાર્ગેટ છે. ત્યારે જાસપુર વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી, આરોગ્ય મંત્રી ઋષિકેષ પટેલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને વિશ્વ ઉમિયાધામ ફાઉન્ડેશનના પ્રમુખ આરપી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આરપી પટેલે કહ્યુ કે, જેહાદના નામે પાટીદાર સમાજની દીકરીઓ બહાર જાય છે. તેથી માતાપિતા ઘરમાં સારું વાતાવરણ ઉભું કરે અને ઘરમાં દીકરીઓનું ધ્યાન રાખે. 'એક વૃક્ષનું દાન ૫૦૦ રૂપિયા' એવી વિચારધારા સાથે વૃક્ષારોપણનું કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગામડાઓમાં ખેડૂતો પણ તેમાં જોડાય તે માટે ફળોના વૃક્ષો ઝાડ વાવી તેનું ઉત્પાદન અને હરિયાળી વધે તે માટે પણ ભાર મુકવામાં આવશે. ૭ મી ઓગસ્ટે દરેક જિલ્લાઓના મથકો ઉપર ઢોલ નગારા સાથે પ્રધાનમંત્રીના હર ઘર તિરંગાની મુહિમ સાકાર કરવામાં આવશે.

આગામી સમયમાં વૃક્ષ અને નાના મોટા છોડ સાથે ૧ લાખ વૃક્ષની માવજત કરવામાં આવશે, દર વર્ષે વૃક્ષારોપણનો આંકડો વધશે. આ પ્રસંગે ગાંધીનગરની શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ૧૫૫૧ ફૂટ લાંબો રાષ્ટ્ર ધ્વજ બનાવાયો હતો.

# ગીર અને આસપાસના વિસ્તારોમાં સિંહોની સંખ્યા વધીને ૧૨૦૦ થઈ

**વનરાજનું સામ્રાજ્ય મોટું થયું : ૨૦૨૦માં દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧૧૦ સિંહ હતા અને ૨૦૨૨માં સંખ્યા ૧૫૦ થઈ : વસ્તીમાં ૩૮ ટકાનો વધારો**

અમદાવાદ, તા.૩૧

ગુજરાતમાં એશિયાટિક સિંહની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વિશ્વસનીય સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, ધરતી પરના તેમના એકમાત્ર ઘરમાં તેમની અંદાજિત વસ્તી વધીને ૧૨૦૦ થઈ ગઈ છે. જોકે, આ આંકડો સત્તાવાર નથી. ૨૦૨૨નો સત્તાવાર આંકડો ૭૬૦ છે પરંતુ વનરક્ષકોનું કહેવું છે કે, અસલ આંકડો આનાથી વધારે હોઈ શકે છે કારણકે છેલ્લા એક વર્ષમાં સિંહો તેમની હદ વિસ્તારી ચૂક્યા છે. ૨૦૨૨ની ગણતરીના આંકડાની સત્તાવાર જાહેરાત હજી બાકી છે પરંતુ તેના પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે, ગ્રેટર ગીર વિસ્તારમાં સિંહોની વસ્તીમાં વૃદ્ધિ થઈ છે. વન વિભાગના અધિકારીઓના કહેવા અનુસાર, દર મહિને પૂનમ અવલોકન કરવામાં આવે છે એટલે કે પૂનમે સિંહોની વસ્તી ગણવામાં આવે છે. મે મહિનાની પૂનમે બે વખત વસ્તી ગણવામાં આવી હતી. આ ડ્રાઈવનું નામ પૂનમ અવલોકન છે પરંતુ સિંહોની સંખ્યા રાત અને દિવસ એમ બંને સમયે ગણવામાં આવી હતી. અધિકારીઓનું કહેવું છે કે, ઝીણવટપૂર્વક સિંહોની ગણતરી કરીએ એટલે તેમના સ્વાસ્થ્ય અંગેની પણ જાણકારી મળી જાય અને જો કોઈ મૃત્યુ થયા હોય તો તેની પણ વિગત સામે આવી જાય. ૨૦૨૦માં સિંહોની સત્તાવાર જાહેર થયેલી સંખ્યા ૬૭૪ હતી. જે દર્શાવે છે કે ૨૦૧૫ કરતાં ૧૫૧ સિંહ વધ્યા છે. એક અધિકારીએ નામ ના આપવાની શરતે કહ્યું કે, સિંહનો બિનસત્તાવાર અંદાજિત આંકડો ૧૨૦૦ની આસપાસ પહોંચી ગયો છે. ગીર, ગિરનાર, મિતિયાણા અને પાણીયા જેવા અભયારણ્ય વિસ્તારોમાં સિંહની વસ્તી છે. ૨૦૨૨માં આ વિસ્તારોમાં સિંહની સંખ્યા ૩૬૫ જેટલી નોંધાઈ છે એટલે કે ૨૦૨૦ની સરખામણીએ ૯ સિંહ વધ્યા છે. અધિકારીનું કહેવું છે કે, સિંહની વધતી સંખ્યા મોટાભાગે ગ્રેટર ગીર વિસ્તારમાં જોવા મળી છે.



સિંહોના ટોળા છૂટા પડીને અલગ અલગ વિસ્તારોમાં જઈ રહ્યા છે અને તેમની હદ વિસ્તારી રહ્યા છે સાથે જ આ રેન્જમાં તેમની સંખ્યા પણ વધી રહી છે, તેમ અધિકારીએ ઉમેર્યું. ગુજરાતના વન પર્યાવરણ રાજ્યમંત્રી જગદીશ પંચાલને સિંહોની વસ્તી ૧૨૦૦ની આસપાસ થઈ ગઈ છે તે અંગે પૂછવામાં આવતાં "અમે સરકાર તરીકે ૨૦૨૦ના સત્તાવાર આંકડા ૬૭૪ને વળગી રહીશું." કેંદ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તનમાં કાર્યરત એક સિનિયર અધિકારીએ નામ ના આપવાની શરતે કહ્યું, "અમે લાંબા સમયથી સલાહ આપી રહ્યા છીએ કે, ગુજરાતે સિંહોની વસ્તી ગણવા અને અન્ય દરેક પ્રાણીને ઓળખવા માટે કેમેરા-ટ્રેપ પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ. આ પદ્ધતિનો ઉપયોગ વાઘ માટે પણ કરવામાં આવે છે પરંતુ ગુજરાતને જાણે આ સૂચન અમલમાં મૂકવાની ઈચ્છા જ નથી. ગુજરાતનો વન વિભાગ સિંહની વસ્તી ગણતરી માટે બહારની કોઈ એજન્સીને પણ રાખવા તૈયાર નથી.

## સૌથી વધુ વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૧૮ના વર્ષમાં જિલ્લામાં સરેરાશ ૧૪૪ મી.મી. વરસાદ આ સમયગાળામાં નોંધાયો હતો. જેમાં દહેગામમાં ૧૯૫, ગાંધીનગરમાં ૧૬૦, કલોલમાં ૧૪૨ અને માણસામાં ૭૯ મી.મી. વરસાદ નોંધાયો હતો. ટકાવારીના સાપેક્ષમાં ૧૮.૩૪ ટકા વરસાદ નોંધાયો હતો.

આમ છેલ્લા પાંચ વર્ષમાં આ વર્ષે વરસાદ વધુ નોંધાયો છે. લોકોએ ખંડીય વૃષ્ટિનો પણ અનુભવ કર્યો છે. જિલ્લામાં ૫૦ ટકા કરતાં વધુ વરસાદ પછી પણ નદીઓ કે તળાવોમાં હજુ જરૂરી એટલા નવા પાણી આવ્યા નથી. જિલ્લામાં હાલ લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે.

## ૩૨ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૨૨ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં ૧૦ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. મહિલા દર્દીઓની સંખ્યામાં થઈ રહેલો વધારો એ તંત્રની ચિંતાનો મુદ્દો છે.

શહેરમાં આજે સે. ૨ માં ૩, કુડાસણણાં ૩, આઈઆઈટીમાં ૨, સરગાસણમાં ૫ કેસ ઉપરાંત સે. ૧, ૪, ૧૬, ૨૪, ૨૬, ૨૮, ૨૯, ઈન્ફોસીટી અને વાવોલમાંથી કેસ મળ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓ જેટલા જ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે જે એક સંયોગ કહી શકાય.

શહેરમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે નોંધાયેલ કેસ સાથે એક્ટીવ દર્દીઓની સંખ્યા ૧૮૦ જેટલી છે.

શહેરમાં દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

## સૌ ભાગ બને

● અનુસંધાન પહેલાનું ચાલુ

હું તેમને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું. પોતાના રાષ્ટ્રીય ધ્વજ વિશે વાત કરતા હું, મહાન ક્રાંતિકારી મેડમ કામાને પણ યાદ કરીશ. તિરંગાને આકાર આપવામાં તેમની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહી છે.

વર્ગખંડ હોય કે રમતનું મેદાન, આજે આપણા યુવાનો, દરેક ક્ષેત્રમાં, દેશને ગૌરવાન્વિત કરી રહ્યા છે. આ મહિને, પી. વી. સિંધુએ સિંગાપુર ઑપનનો પોતાનો પહેલો ખિતાબ જીત્યો છે. નીરજ ચોપરાએ પણ પોતાનું સારું પ્રદર્શન ચાલુ રાખતાં, વર્લ્ડ ઍથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં દેશ માટે રજત ચંદ્રક જીત્યો છે. આયર્લેન્ડ પેરા બૅડમિન્ટન ઈન્ટરનેશનલમાં પણ આપણા ખેલાડીઓએ ૧૧ ચંદ્રક જીતીને દેશનું માન વધાર્યું છે. રોમમાં થયેલી વર્લ્ડ કેડેટ રેસલિંગ ચેમ્પિયનશિપમાં પણ ભારતીય ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. આપણા એથલેટ સૂરજે તો Greco-Roman ઈવન્ટમાં કમાલ જ કરી બતાવી. તેમણે ૩૨ વર્ષના લાંબા અંતરાલ પછી આ ઈવેન્ટમાં રેસલિંગનો સુવર્ણ ચંદ્રક જીત્યો છે. ખેલાડીઓ માટે તો આ પૂરો મહિનો જ પ્રવૃત્તિઓથી ભરપૂર રહ્યો છે. હું બધા ખેલાડીઓ અને એથ્લેટને દેશવાસીઓ તરફથી શુભકામના પાઠવું છું. મને એ વાતનો પણ આનંદ છે કે ભારત ફિફા અંડર -૧૭ વીમેન્સ વર્લ્ડ કપની પણ યજમાની કરવા જઈ રહ્યું છે. આ સ્પર્ધા ઑક્ટોબર આસપાસ યોજાશે, જે રમતો પ્રત્યે દેશની દીકરીઓનો ઉત્સાહ વધારશે.

## પરાજય આપ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત હવે ગ્રુપ સ્ટેજમાં પોતાની છેલ્લી મેચમાં બાર્બાડોસ સામે ટકરાશે.

લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમને સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માએ સારી શરૂઆત અપાવી હતી. બંનેએ પ્રથમ વિકેટ માટે ૬૧ રનની ભાગીદારી કરી હતી. શેફાલી વર્મા ૧૬ રન બનાવી આઉટ થઈ હતી. તો એસ મેઘના ૧૪ રન બનાવી આઉટ થઈ હતી. સ્મૃતિ મંધાનાએ અણનમ ૬૩ અને જેમિમાહે અણનમ ૨ રન બનાવ્યા હતા.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પાકિસ્તાની ટીમને શૂન્ય રન પર પ્રથમ ઝટકો લાગ્યો હતો. જાવદ શૂન્ય રન બનાવી મેઘનાનો શિકાર બની હતી. પાકિસ્તાનની કેપ્ટન મારૂફ ૧૭ રન બનાવી સ્નેહ રાણાની ઓવરમાં આઉટ થઈ હતી. ત્યારબાદ મુનેબા અલી ૩૦ બોલમાં ૩૨ રન બનાવી રાણાની ઓવરમાં આઉટ થઈ હતી.

પાકિસ્તાનને ૬૪ રન પર ચોથો ઝટકો લાગ્યો હતો. આયેશા નસીમ ૧૦ રન બનાવી રેણુકાનો શિકાર બની હતી. અલિયા રિયાઝે ૨૨ બોલમાં ૧૮ રન બનાવ્યા હતા. તે રનઆઉટ થઈ હતી. ભારત તરફથી સ્નેહ રાણા અને રાધા યાદવે બે-બે વિકેટ લીધી હતી. આ સિવાય રેણુકા સિંહ, મેઘના સિંહ અને શેફાલી વર્માને એક-એક વિકેટ મળી હતી.

## કાયદો અને કાનૂન

● અનુસંધાન ચોથાનું ચાલુ...

"રાષ્ટ્ર ધ્વજના સન્માન માટે અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧"ની કલમ-૨ના વિવરણ-૪ અનુસાર, નીચેની બાબતોનું ધ્યાન રાખવું, રાષ્ટ્ર ધ્વજનો ઉપયોગ ખાનગી અંત્યેષ્ઠિ સહિત કોઈપણ સ્વરૂપમાં ભલે ગમે તે હોય, પડદા કે ઢાંકવાના હેતુથી કરવો નહીં, વસ્ત્ર પરિધાનના હિસ્સા તરીકે અથવા ગણવેશના હિસ્સા તરીકે અથવા એવી કોઈપણ ઍક્સેસરી કે જે કોઈપણ વ્યક્તિ દ્વારા કમરથી નીચેના હિસ્સામાં પહેરવામાં આવતી હોય તેના હિસ્સા તરીકે રાષ્ટ્ર ધ્વજનો ઉપયોગ કરવો નહીં, તેમજ ઓશિકાં, હાથરૂમાલ, નેપકિન, આંતરવસ્ત્રો અને અન્ય કોઈપણ ડ્રેસ મટિરિયલ પર તેનું ભરતકામ અથવા છાપ કરેલી હોવી જોઈએ નહીં, રાષ્ટ્ર ધ્વજ પર કોઈપણ પ્રકારનું લખાણ હોવું જોઈએ નહીં, કોઈપણ વસ્તુ પર વીંટાળવા, તેમાં કોઈ વસ્તુ પ્રાપ્ત કરવા અથવા પહોંચાડવા માટે રાષ્ટ્ર ધ્વજનો ઉપયોગ કરવો નહીં, કોઈપણ વાહનની બાજુ, પાછળનો હિસ્સો અથવા આગળનો હિસ્સો ઢાંકવા માટે રાષ્ટ્ર ધ્વજનો ઉપયોગ કરવો નહીં ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયાની કલમ-૩ ના ભાગ-૪ અનુસાર, જો રાષ્ટ્ર ધ્વજને સાર્વજનિક ઈમારત પર ફરકાવવામાં આવે તો, હવામાનની કોઈપણ સ્થિતિ હોય તો પણ, તેને તમામ દિવસોએ સૂર્યોદય થી સૂર્યાસ્ત સુધી ફરકાવવો. તેને ઝડપથી ખેંચીને ફરકાવવો અને ધીમે ધીમે નીચે લાવવો નહીં, જ્યારે રાષ્ટ્ર ધ્વજને દિવાલ પર સપાટ અને આડો પ્રદર્શિત કરવામાં આવે ત્યારે, કેસરી પટ્ટો સૌથી ઉપર રહેવો જોઈએ જ્યારે ઉર્ધ્વ સ્થિતિમાં પ્રદર્શિત કરવામાં આવે ત્યારે, કેસરી પટ્ટો રાષ્ટ્ર ધ્વજના સંદર્ભમાં જમણી તરફ રહેવો જોઈએ એટલે કે, વ્યક્તિ તરફથી જોવામાં આવે તો ડાબી બાજુએ હોવો જોઈએ, જ્યારે રાષ્ટ્ર ધ્વજને ધ્વજ ફરકાવવાના દંડ દ્વારા આડો લહેરાવવામાં આવે અથવા બારી, ઝરુખા અથવા ઈમારતના આગળના ભાગે કોઈ ચોક્કસ ખૂણા પર લગાવવામાં આવે ત્યારે ધ્વજનો કેસરી પટ્ટો ધ્વજ ફરકાવવાના દંડના દૂરના છેડાએ હોવો જોઈએ.

ભારત સરકાર દ્વારા સૂચિત કરવામાં આવેલા પ્રસંગો સિવાય રાષ્ટ્ર ધ્વજને અડધી કાઠીએ (અડધા ધ્વજદંડ પર) ફરકાવવો નહીં. ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા, ૨૦૦૨ના પરિચ્છેદ ૩.૪૪ માં જણાવ્યા અનુસાર, માત્ર નીચે ઉલ્લેખિત વ્યક્તિઓની મોટર કાર પર રાષ્ટ્ર ધ્વજ ફરકાવવાનો વિશેષાધિકાર આપવામાં આવ્યો છે. ● રાષ્ટ્રપતિ ● ઉપરાષ્ટ્રપતિ ● રાજયપાલ અને નાયબ રાજયપાલ ● ભારતીય મિશન/પોસ્ટના વડા ● પ્રધાનમંત્રી ● કેબિનેટના મંત્રીઓ, રાજયના મંત્રી, કેન્દ્રના નાયબ મંત્રીઓ ● રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્યમંત્રીઓ અને કેબિનેટના મંત્રીઓ ● લોકસભાના અધ્યક્ષ, રાજયસભાના ઉપાધ્યક્ષ, લોકસભાના ઉપાધ્યક્ષ, રાજયોમાં વિધાન પરિષદના અધ્યક્ષ, રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિધાનસભાના અધ્યક્ષ, રાજયોમાં વિધાન પરિષદના નાયબ અધ્યક્ષ, રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિધાનસભાઓના ઉપાધ્યક્ષ ● ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ ● સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓ ● ઉચ્ચ અદાલતોના મુખ્ય મુખ્ય ન્યાયમૂર્તિ ● ઉચ્ચ અદાલતોના ન્યાયમૂર્તિઓ.

ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયાના પરિચ્છેદ-૩.૩૨ અનુસાર, જ્યારે અન્ય રાષ્ટ્રોના ધ્વજ સાથે સીધી રેખામાં ભારતના રાષ્ટ્ર ધ્વજને ફરકાવવામાં આવે ત્યારે, રાષ્ટ્ર ધ્વજ તદ્દન જમણી તરફના છેડે હોવો જોઈએ. અન્ય રાષ્ટ્રના ધ્વજો જે –તે દેશના અંગ્રેજી નામના મૂળાક્ષરોના ક્રમાનુસાર વારાફરતી પ્રદર્શિત કરવાના રહેશે. જો ધ્વજોને બંધ વર્તુળની રચનામાં ફરકાવેલા હોય તો, રાષ્ટ્ર ધ્વજ સૌથી પહેલા ફરકાવવાનો રહેશે અને ત્યાર પછી બાકીના રાષ્ટ્રોના ધ્વજ ઘડિયાળના કાંટાની દિશામાં ફરકાવવાના રહેશે, જ્યારે ધ્વજને દિવાલ સામે અન્ય ધ્વજ સાથે ત્રાંસા રાખેલા ધ્વજદંડમાં પ્રદર્શિત કરવામાં આવે ત્યારે, રાષ્ટ્ર ધ્વજને જમણી બાજુએ રાખવો અને તેનો ધ્વજદંડ અન્ય ધ્વજના ધ્વજદંડની આગળના ભાગે રાખવો, જ્યારે અન્ય રાષ્ટ્રોના ધ્વજ સાથે રાષ્ટ્ર ધ્વજને ફરકાવવામાં આવે ત્યારે, ધ્વજના દંડ સમાન કદના હોવા જોઈએ.

ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયાના પરિચ્છેદ-૨.૨ અનુસાર, જો રાષ્ટ્ર ધ્વજ ક્ષતિગ્રસ્ત થાય તો, તેનો સંપૂર્ણ ખાનગી રીતે નિકાલ કરવો જોઈએ અને રાષ્ટ્ર ધ્વજની ગરિમાને ધ્યાનમાં રાખીને તેને સળગાવી દેવો જોઈએ અથવા અન્ય પ્રકારે નિકાલ કરવો જોઈએ. જો રાષ્ટ્ર ધ્વજ કાગળમાંથી બનેલો હોય અને સામાન્ય જનતા દ્વારા તેને ફરકાવવામાં આવતો હોય તો, આવા ધ્વજને જમીન પર ફેંકીને તેનો નિકાલ કરવો નહીં. આવા ધ્વજને ખાનગીમાં, રાષ્ટ્ર ધ્વજની ગરિમાને ધ્યાનમાં રાખીને નિકાલ કરવો જોઈએ.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧
info@trivediassociates.in

## પહેલું કિરણ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

હસમુખભાઈનાં જીવનસાથી શ્રીમતી દીપાબહેને કાયમ પોતાના પતિને કાયમ સાથ આપ્યો છે. હસમુખભાઈ કહે છે કે તેણે મને રોક્યા અને ટોક્યા વગર સાથ આપ્યો છે. હું એને કેવી રીતે ભૂલી શકાય ? તેમનાં દીકરી પણ આ પ્રવૃત્તિમાં ઊંડો રસ લે છે.

હસમુખભાઈની ચિત્ર પ્રદર્શન યાત્રામાં નરેશભાઈ દવે ઉપરાંત વિરલભાઈ પટેલ, સતીશભાઈ પટેલ, કણવભાઈ પટેલ, હાર્દિકભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, જયેન્દ્ ભાઈ પટેલ તથા તેમના આખા પરિવારે તેમને ખૂબ સહયોગ કર્યો છે.

એક પાનના ગલ્લાનો સંચાલક કઈ રીતે શંકર ભગવાનની કળાત્મક ભક્તિ કરી શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ શ્રી હસમુખભાઈ પટેલ છે.

શ્રી હસમુખભાઈ પટેલનો સંપર્ક નંબર ૯૮૯૮૩ ૭૦૦૭૭ છે.

**ગોધૂલિ :**

ભક્ત ભોળા હોય એ તો સમજ્યા, ભક્તિ કરનારી
ભક્તિમાં સમર્પણ હોવું અનિવાર્ય છે તેથી સાચા ભક્તો ભોળા
હોય પણ ભગવાન જેવા ભગવાન પણ ભોળા હોઈ શકે ?
હા, દેવોના દેવ, મહાદેવ, શંકર ભગવાન
ભોળાનાથ કે ભોળિયા કહેવાય છે.
કેવી રસપ્રદ અને સરસ વાત છે નહીં !